# આઝાદીના લડવૈયા શ્રી પુનમચંદ જેશંકર પંડ્યાનું સ્વાતંત્ર્ય સંગ્રામ માં પ્રદાન

ડૉ. કિરણકુમાર એમ. દવે
એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,
ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર

૧૯મી સદીના અંત ભાગમાં અને ૨૦મી સદીની શરૂઆતમાં અખંડ ભારતમાં રાષ્ટ્રવાદનો ઉદય થઈ રહ્યો હતો.બ્રિટીશ સરકારના દમન સામે દેશી રાજ્યો તથા પ્રજામાં ભારે અસંતોષ હતો. ઈ.સ.૧૯૧૫ માં ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી હિન્દમાં આવ્યા તે પછી સતત બે વર્ષ સુધી ભારતની સામાજિક આર્થિક અને રાજકીય પરિસ્થિતિનો અભ્યાસ કર્યો, ભારતનું દર્શન કર્યું અને ભારતમાં ચાલતી આઝાદીની લડતના રંગે રંગાઈ ગયા અને ૧૯૨૦ સુધીમાં ભારતીય સ્વતંત્રતા સંગ્રામની લગામ તેમણે હસ્તગત કરી લીધી. તે પછી તેમની આગેવાની હેઠળ ભારતમાં આઝાદીની પ્રાપ્તી સુધી આઝાદી માટેની લડત ચાલી તે લડતમાં ગુજરાત પણ જોડાયેલું હતું. ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓએ આઝાદીની લડતમાં પોતપોતાની રીતે ફાળો નોંધાવ્યો હતો. સાબરકાંઠા જિલ્લાએ પણ સ્વતંત્ર સંગ્રામમાં જોડાઈને પોતાનો ફાળો આપ્યો છે. સાબરકાંઠા જીલ્લાના અનેક યુવાનોએ પણ આઝાદીની લડત દરમ્યાન ચાલેલા વિવિધ આંદોલનોમાં સક્રિય બનીને પોતપોતાના વિસ્તારમાં રાષ્ટ્રીય ચેતના જાગૃત રાખવાનું કામ કર્યું છે. આવા જ એક મૂક સેવક અને સ્વાતંત્ર્ય સેનાની એટલે પુનમચંદ જેશંકર પંડ્યા.લોકમાનસમાં અને ઈતિહાસના પાનાઓ ઉપર ભલે વિગતવાર દસ્તાવેજો માર્યાદિત હોય, પરંતુ તત્કાલીન પ્રાદેશિક લડતો, પ્રજામંડળની પ્રવૃત્તિઓ અને રચનાત્મક કાર્યોમાં પણ તેમનું મહત્વનું પ્રદાન રહ્યું છે.

પુનમચંદ જેશંકર પંડ્યા સાબરકાંઠા જીલ્લાના મોડાસાથી લગભગ ૨૦ કિલોમીટર દુર રાજસ્થાનની સરહદે આવેલા મેઘરજ ગામના વતની હતા. સામાન્ય સ્થિતિના બ્રાહ્મણ કુટુંબના એ યુવાને ભણતર બાદ પ્રાથમિક શાળાના શિક્ષક તરીકેની નોકરી કરતા કરતા આઝાદીની લડતમાં જંપલાવ્યું હતું. સાબરકાંઠાનું મોડાસા ગામ પણ આઝાદીની અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ ભજવતું હતું. ઈ.સ.૧૯૨૯ ના જુલાઈ મહિનામાં મોડાસામાં શરુ થયેલી “અખાડા પ્રવૃત્તિ”માં તેઓ જોડાયેલા હતા. તે સમયે મોડાસા પ્રદેશમાં ડૉ. ગીરીશકુમાર શર્મા અખાડા પ્રવૃત્તિનું સંચાલન કરતા તેમાં જોડાઈને તેઓ રાષ્ટ્રીય ચેતનાના પાઠ શીખ્યા. ત્યાર બાદ ૧૯૩૦મા સ્વતંત્ર સંગ્રામના પ્રસિધ્ધ સેનાની શ્રી પૃથ્વીસિંહ આઝાદ સૌરાષ્ટ્રના ચોરવાડ ખાતે ભૂગર્ભમાં વ્યાયામ તાલીમ વર્ગ ચલાવતા હતા તે વર્ગમાં મોડાસાના પ્રસિધ્ધ વ્યાયામ પ્રેમી પ્રેમજીભાઈ આડેસરા જોડાયા હતા તેમની સાથેના સંપર્કને કારણે આ પ્રવૃત્તિમાં ઊંડો રસ લેવાના આશયથી શ્રી પુનમચંદ પંડ્યા પણ એ વર્ગમાં સક્રિય રીતે જોડાયા.[૧] પૃથ્વીસિંહ આઝાદની પરિપક્વ આગેવાની હેઠળ તેમણે રાષ્ટ્રીય લડતના પદાર્થ પાઠ શીખી લીધા ને ત્યારબાદ તેમણે સાબરકાંઠામાં આવીને સાબરકાંઠાના યુવાનોને રાષ્ટ્રીય લડત માટે તૈયાર કરવા માટે વ્યાયામ ના વર્ગો ચલાવ્યા. તે માટે “મોડાસા પ્રદેશ બજરંગ વ્યાયામ પ્રચારક મંડળ” મારફતે તેઓ સબરકાંઠાના ગામોમાં ફરતા હતા ને યુવાનોને લાઠી, લેજીમ, કુશ્તી તથા મર્દાનગી ભરી રમતોના પ્રયોગો આચરીને યુવાનોને શુરાતનનાં પાઠ શીખવતા હતા અને તેના દ્વારા આઝાદીની લડતમાં જોડાવવાની પ્રેરણા આપતા હતા.

**મદ્યપાન નિષેધ પ્રચાર પ્રવૃત્તિ:**

ગાંધીજીના માર્ગદર્શન હેઠળ ચાલેલી રચનાત્મક પ્રવૃત્તિઓ સાબરકાંઠા જીલ્લામાં પણ થઇ હતી. તેમાં મદ્યપાન નિષેધ અંગે નોંધપાત્ર કામગીરી થઇ હતી. સાબરકાંઠામાં મથુરાદાસ ગાંધી, રમણલાલ સોની, પ્રેમજીભાઈ આડેસરા, અને પુનમચંદ પંડ્યા વગેરે આગેવાનો આ પ્રવૃત્તિમાં જોડાયા હતા. ૧૯૩૦ના ઓગસ્ટમાં મદ્યપાનનો બહિષ્કાર કરાવવા અને લોકોને દારૂની બુરી લતમાંથી છોડાવવા માટે પુનમચંદ પંડ્યા મેઘરજ,બાયડ,ડેમઈ,ઇન્દ્રાણ,દેરોલી,આમોદ્રા,દખણેશ્વર,રણેચી, મોડાસા,માલપુર વગેરે

સાબરકાંઠાના ગામોમાં ફર્યા હતા અને સંખ્યાબંધ લોકો પાસે દારુ ના પીવા અંગેની પ્રતિજ્ઞાઓ લેવડાવી હતી૨. પરિણામે કેટલાક યુવાનોએ દારૂને તિલાંજલિ આપી હતી.

**સરકારી અદાલતોનો બહિષ્કાર:**

૧૯૩૦ની સાબરકાંઠામાં ચાલેલી આઝાદીની લડત દરમ્યાન લડતના કેન્દ્ર સમાન મોડાસામાં અદાલતોના બહિષ્કારના કાર્યક્રમો નોંધપાત્ર બન્યા હતા તે સમયે ગાંધીજીના આદેશને અનુસરીને મોડાસાના લોકોએ પણ સરકારી અદાલતોનો બહિષ્કાર કર્યો હતો. તેવા સમયે મોડાસામાં સરકારી અદાલતોના વિકલ્પ તરીકે લવાદી કોર્ટ શરૂ કરવામાં આવી હતી જેમાં પુનમચંદ પંડ્યાએ લવાદી ૩ કોર્ટમાં ન્યાયધીશ તરીકે પોતાની ફરજ બજાવી હતી.૩

**વિદેશી કાપડ બહિષ્કાર ઝુંબેશ:**

સાબરકાંઠામાં ૧૯૩૦-૩૧ દરમ્યાન વિદેશી કાપડ બહિષ્કાર ઝુંબેશ બરાબર જામી હતી. રોજ વહેલી સવારે કોડીબંધ યુવાનો અને યુવતીઓ વિદેશી કાપડ વેચતી દુકાનો ઉપર પીકેટીંગ કરાવવા પહોંચી જતા હતા. આ ઝુંબેશની આગેવાની મથુરાદાસ ગાંધી,રમણલાલ સોની,ભોગીલાલ ગાંધી,નટવરલાલ મહેતા,પુનમચંદ પંડ્યા વગેરેએ લીધી હતી.ખાસ કરીને મોડાસા આ પ્રવૃત્તિનું કેન્દ્ર બન્યું હતું. મોડાસામાં વિદેશી કાપડ બહિષ્કાર માટે યુવાનોની ટુકડીઓ બનાવવામાં આવતી હતી અને સાબરકાંઠા જીલ્લાના અનેક ગામોમાં એ ટુકડીઓ પહોંચી જતી અને વિદેશી કાપડ વેચતી દુકાનો ઉપર પીકેટીંગ કરતી હતી.સપ્ટેમ્બર માસની શરૂઆતમાં મોડાસાની શરૂઆતમાં શંકર રામજી ધર્મશાળા આગળ વિદેશી કાપડની હોળી સળગાવીને મોડાસાના યુવાનોએ વિદેશી કાપડના વેપારીઓની ઉંઘ હરામ કરી દીધી હતી.૫ સપ્ટેમ્બર,૧૯૩૦ને ગુરુવારે મોડાસાના વિદેશી કાપડના વેપારી છગનલાલ માલુકચંદની દુકાન પર પીકેટીંગ કરવા યુવાનો પહોંચી ગયા હતા. તેથી મોડાસાના કાપડીયાઓ ઉશ્કેરાયા હતા અને તેમણે તરત જ પોલીસ બોલાવી લીધી હતી.૪ એ યુવાનોની આગેવાની પુનમચંદ પંડ્યા એ લીધી હતી તેથી પુનમચંદ પંડ્યા તથા તેમના સાથી પીકેટર નટવરલાલ મેહતાની પોલીસોએ ધરપકડ કરી હતી અને તેમને કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. એ કોર્ટમાં તે બન્ને યુવાનોએ બહાદુરી પૂર્વક નિવેદન કર્યું હતું કે અમે તમારી કોર્ટને અને બ્રિટિશ ન્યાયને માનતા નથી તેથી અમને તમારે જેટલી સજા કરવી હોય તેટલી સજા કરો.અમને તેની દરકાર પણ નથી.૫ આમ,પુનમચંદ પંડ્યા એ હિંમતપૂર્વક નિવેદન કરીને સાચા સત્યાગ્રહીના ચરિત્રને શોભાવ્યું હતું. પુનમચંદ પંડ્યાને બે માસની સખત કેદની સજા અને ૫૦ રૂ.નો દંડ ફટકારવામાં આવ્યો હતો જયારે નટવરલાલ મહેતાને દોઢ માસની સજા અને ૩૫ રૂ.નો દંડ કરવામાં આવ્યો હતો. એ બન્ને યુવાનો સત્યાગ્રહીને શોભે તે રીતે હસતે મુખે જેલમાં જવા રવાના થયા હતા. જેલમાં જતા પહેલા પુનમચંદ પંડ્યાએ મોડાસાના કાપડીયાઓને ચેતવણી આપતો પત્ર લખ્યો હતો તેમાં જણાવ્યું હતું કે વિદેશી કપડાનો વેપાર પાપ છે, શેતાનને સાથ આપવા જેવું કામ છે, અને આપણા દેશવાસી ભાઈઓના ગળા પર છરી ફેરવા જેવું પાપ છે. જો વેપારીઓ સમજીને વિદેશી કપડાનો વેપાર બંધ નહિ કરે તો તેઓ ભયંકર હાનીને નોતરે છે.૬ એ પત્રમાં તેમણે તેમની ધરપકડ થઇ તે અગાઉની રાત્રે તેમના મિત્રો વચ્ચે જેલમાં પ્રથમ જવાની તાલાવેલી અંગે ચર્ચા કરી હતી તેનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો.૭. તેમને અમદાવાદની સાબરમતી જેલમાં રાખવામાં આવ્યા હતા. આ રીતે શ્રી પુનમચંદ પંડ્યાએ ૧૯૩૦ની લડતમાં સક્રિય રીતે જોડાઈને સાબરકાંઠાનું ગૌરવ વધાર્યું હતું.

**હિન્દ છોડો લડતમાં કામગીરી:**

૧૯૪૨માં ઓગષ્ટની ૮ મી તારીખે મધ્યરાત્રીએ ગાંધીજીએ અંગ્રેજો માટે હિન્દ છોડો ની અને સમગ્ર રાષ્ટ્ર માટે "કરેંગે યા મરેંગે" ની ઐતિહાસિક હાકલ કરી હતી. પરિણામે સરકાર ખળભળી ઉઠી હતી.તે પછી ૯મી તારીખની વહેલી સવારથી રાષ્ટ્રના પ્રથમ પંક્તિના નેતાઓની ધરપકડ થઇ ગઈ હતી.સાબરકાંઠાની લડતનાં નેતાઓ પણ પકડાઈ ગયા હતા.તેવા સમયે સાબરકાંઠાના યુવાઓ પણ આ સંગ્રામ ખેલી લેવા માટે મેદાને પડ્યા હતા.આ યુવાનોની આગેવાની પુનમચંદ પંડ્યાએ લીધી હતી. ત્યારથી તેઓ સાબરકાંઠામાં ચાલેલી સ્વતંત્રતા સંગ્રામની ઉગ્ર લડતના આગેવાન તરીકે પ્રસિધ્ધ થયા હતા.આ સમયે પણ તેમણે મોડાસાને લડતનું કેન્દ્ર બનાવ્યું હતું. તેમની ઈચ્છા મોડાસાને અમદાવાદ અને અન્ય શહેરના સંપર્કથી અલગ પાડીને મોડાસામાં "કરેંગે યા મરેંગે" ની લડત જોરદાર બનાવવાની હતી. તેથી તેમણે મોડાસામાં સૌ પ્રથમ તારના દોરડા તોડી નાખ્યા.તથા તારનો

થાંભલો ઉખેડીને કુવામાં ફેકી દીધો અને તે પછી તેઓ કુનેહપૂર્વક મોડાસાથી દુર ૧૬ કિલોમીટર દુર આવેલા ધનસુરા ગામે પહોંચી ગયા પરંતુ અમલદારોને તે અંગેની માહિતી મળી જવાથી ધનસુરા ગામેથી તેમની ધરપકડ કરવામાં આવી હતી અને તે પછી તેમને ૪ માસની સજા અને દંડ પણ કરવામાં આવ્યો. પરંતુ તેમની આર્થિક સ્થિતિ સારી ન હતી. તેઓ દંડની રકમ ભરી ન શક્યા. છેવટે તેમના ઘરનો માલ-સામાન વેચી નાખીને તેમની પાસેથી દંડની રકમ વસુલ કરવામાં આવી હતી.૮

ટૂંકમાં,પુનમચંદ પંડ્યાએ તન,મન અને ધન આઝાદીની વેદી ઉપર હોમી દઈને દેશદાઝનું નોંધપાત્ર ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. તેમણે સાબરકાંઠામાં અને ખાસ કરીને મોડાસા પ્રદેશમાં વ્યાયામ પ્રવૃત્તિનો પ્રચાર કરીને યુવાનોની રાષ્ટ્રીય ચેતના જાગૃત કરી હતી. મદ્યપાન નીષેધનો પ્રચાર કરીને વ્યાસન મુક્તિ માટે ઝઝુમ્યા હતા. લોકો દ્વારા ચાલતી લવાદ કોર્ટમાં ન્યાયધીશ તરીકે યશશ્વી કામગીરી બજાવી હતી. અને વિદેશી કાપડ બહિષ્કાર ઝુંબેશના અગ્રણી તરીકે કામગીરી બજાવીને જેલવાસ ભોગવ્યો હતો. જયારે ૧૯૪૨ની હિન્દ છોડો લડતમાં ઉગ્રતા પૂર્વક કામગીરી બજાવીને યુવાનોને નેતૃત્વ પુરૂ પાડ્યું હતું. તે પછી પણ આઝાદી પ્રાપ્તિ સુધી તેમણે પોતાની ફરજો બજાવી હતી.૯ આઝાદી પ્રાપ્તિના પ્રથમ પર્વ ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ની ઉજવણીનો આનંદ વ્યક્ત કરતા મેઘરજના મિત્ર રણછોડદાસને તારીખ ૧૮-૦૮-૧૯૪૭ના રોજ પત્ર લખીને જણાવ્યું હતું કે મુલ્કની આઝાદી માટે બહાદુર લડવૈયાઓએ ભોગવેલી યાતનાઓ અને આપેલા બલીદાનોનું ફળ આજે મળ્યું છે. બહાદુરોના લોહીના સિંચનથી પાકેલો પાક આજે આપણે લણી રહ્યા છીએ તેમને સ્મરણાજલી આપીએ. આપણે પણ સાબરકાંઠામાં ચાલેલી આઝાદીની લડતના લડવૈયા પુનમચંદ પંડ્યાના લડતના કાર્યને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપીએ.

**પાદનોંધઃ**

૧ઃ મોડાસા પ્રદેશ વ્યાયામ પ્રચારક મંડળની ફાઈલ,૧૯૩૧,પૃ.૨૨.
૨ઃ ભોગીલાલ ગાંધી,પુરુષાર્થની પ્રતિમા,વડોદરા ૧૯૫૯,પૃ.૧૭૧.
૩ઃ ડૉ.મહેશચંદ્ર પંડ્યા,ઈતિહાસ દર્શન,રાજકોટ,૧૯૮૮,પૃ.૯.
૪ઃ ડૉ. મહેશચંદ્ર પંડ્યા,આઝાદીની લડત અને સાબરકાંઠા,અમદાવાદ, ૧૯૮૯,પૃ.૩૬-૩૭.
૫ઃ એજન
૬ઃ એજન
૭ઃ સ્વતંત્ર સંગ્રામના લડવૈયા,પુ- ૧,પૃ. ૧૬૧.
૮ઃ ડૉ.મહેશચંદ્ર પંડ્યા,ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સાબરકાંઠાનું પ્રદાન,પીએચ.ડી. પદવી માટેનો શોધ પ્રબંધ,ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ,૧૯૭૯.
૯ઃ પાદનોંધ ૪ પ્રમાણે પૃ- ૧૨૫.